# ચોસઠમો પદવીદાન સમારંભ
# મુખ્ય મહેમાન શ્રી સામ પિત્રોડાનું દીક્ષાંત પ્રવચન : ૨૦૧૭

આદરણીય કુલપતિ શ્રી ઈલાબહેન, કુલનાયક શ્રી અનામિકભાઈ, રાજેન્દ્રભાઈ, સન્માનનીય ટ્રસ્ટીગણ, પ્રાધ્યાપકો, શિક્ષકો, પ્રિય વિદ્યાર્થીઓ, બહેનો તથા ભાઈઓ.

સુપ્રભાત. [આજે] હું ગુજરાતીમાં બોલવાનો પ્રયત્ન કરીશ. પરંતુ યોગ્ય રીતે ગુજરાતી બોલવામાં જો હું અસમર્થ રહું તો મને ક્ષમા કરશો. વર્ષોથી હું વિજ્ઞાન અને ટૅક્નૉલોજીના ક્ષેત્રે કાર્યરત છું. મારું મન [બધું] અંગ્રેજીમાં વિચારે છે. જો હું ગુજરાતીમાં બોલવા માગું તો મારે અનુવાદ કરવો પડે છે. કેટલાક શબ્દોના ગુજરાતી પર્યાયો હું જાણતો નથી અને જો કદાચ જાણતો હોઉં, તો તે સરળતાથી મને સૂઝતા નથી. તેથી હું અંગ્રેજીમાં પ્રમાણમાં વધુ અને ગુજરાતીમાં પ્રમાણમાં ઓછું બોલીશ. બીજું, આજે હું જે કહેવા માગું છું તે ફક્ત આ વિદ્યાર્થીઓ માટે નથી, પરંતુ રાષ્ટ્ર અને વિશ્વસમગ્ર માટે છે. જો હું મારી વાત અંગ્રેજીમાં મૂકીશ તો ડિજિટલ માધ્યમ થકી મારા વિચારો વિશ્વમાં પ્રમાણમાં ઝડપથી પ્રસરશે. મારી સાથે આવેલા અને મારા મિત્રો પૈકીના એક – કાર્લ માલબોર ઇન્ટરનેટ ક્ષેત્રની ઉચ્ચ તાલીમ પામેલા છે અને વિશ્વના એક જાણીતા વિજ્ઞાની, વકીલ અને ઇન્ટરનેટના કર્મશીલ છે. તેઓ ટ્વિટર થકી આ પ્રસંગને સમસ્ત વિશ્વ સમક્ષ રજૂ કરી રહ્યા છે. અત્યારે હું જે બોલી રહ્યો છું તે લાખો અમેરિકનો નિહાળી રહ્યા છે. આપણે જ્યારે વિદ્યાપીઠના ધ્વજની આરોહણવિધિ કરી, ત્યારે લાખો સંદેશાઓ આવ્યા. તેઓ આ નવા અનુભવથી આશ્ચર્યચકિત હતા. તેથી જો હું ઘણુંખરું અંગ્રેજીમાં બોલું તો મને ક્ષમા કરશો.

ગૂજરાત વિદ્યાપીઠના ૬૪મા પદવીદાન સમારંભમાં આપ સૌની સમક્ષ ઉપસ્થિત રહેવું એ મારે માટે ખરેખર વિશેષ બહુમાન અને ગૌરવનો પ્રસંગ છે. આ તક પૂરી પાડવા બદલ આયોજકોનો હું આભારી છું. આ અગાઉના પદવીદાન સમારંભોમાં ઉપસ્થિત રહીને, આ મંચને શોભાવનારા આદ્યસ્થાપકો, નેતાઓ, શિક્ષણવિદો, નિષ્ણાતો અને વિચારકોની સૂચિ હું જોઈ ગયો છું. આ સૂચિ જોયા બાદ, અહીં થોડા શબ્દો બોલવાની મને મળેલી તક બદલ મેં ભારે નમ્રતાનો અનુભવ કર્યો છે. અહીં અભ્યાસ પૂર્ણ કરીને, આજે દીક્ષિત થયેલા તમામ વિદ્યાર્થીઓને પ્રારંભમાં હું અભિનંદન આપવા માગું છું. મારે તેમને એ પણ યાદ કરાવવું છે કે, તમારી પદવી થકી, સમાજ પ્રત્યે હવે તમારે શિરે ખૂબ મોટી જવાબદારી છે. તમારા ખભાઓ ઉપર હવે ગાંધીવિચારોની જવાબદારી છે. આ નોકરી કે સેવાકીય નહીં, બલ્કે સમાજ પ્રત્યેની જવાબદારી છે, જેના અંગે હું વાત કરવા માગું છું.

આજથી ૭૫ વર્ષ પૂર્વે ઓરિસ્સાના એક નાના ગામમાં મારો જન્મ થયો હતો. રોજગારીની શોધમાં મારા પિતા ગુજરાતથી ઓરિસ્સા ગયા હતા. તેઓ ૪ ચોપડી સુધી ભણ્યા હતા. સુરેન્દ્રનગરના ટીકર ગામમાં તેમનો જન્મ થયો હતો. તે દિવસોમાં, અમારા ઘરમાં ફ્રેમથી મઢેલી પાંચ તસવીરો લટકતી હતી – ગાંધીજી, સરદાર પટેલ, નેહરુ, નેતાજી અને મૌલાના આઝાદની. અમારા નાના ઘરમાં પ્રવેશતાં જ આ પાંચ તસવીરો જોઈ શકાતી. તેઓ મારા બાલ્યકાળના હીરો હતા.

૧૯૪૭માં જ્યારે ભારત આઝાદ થયું ત્યારે હું ફક્ત પાંચ વર્ષનો હતો. મારા પિતાએ અમને ગાંધીની હત્યા અંગે આપેલા સમાચાર એ ગાંધીને લગતું મારું પ્રથમ સ્મરણ છે. મારાં માતા તરત બોલી ઊઠેલાં – 'રામ રામ'. જાણે કુટુંબનું કોઈ નિકટનું સ્વજન ગુજરી ગયું હોય તેમ તેમણે અમને નવરાવ્યા હતા. મારા પિતાએ અમારા ભણતર સંદર્ભે વિચાર કરીને અમને ગુજરાતના વલ્લભવિદ્યાનગરમાં મોકલ્યા. જ્યારે હું નવ અને મારા મોટાભાઈ ૧૨ વર્ષના હતા ત્યારે અમને ઓરિસ્સાથી હજારો કિલોમીટર દૂર, વલ્લભવિદ્યાનગરની એક નિવાસી શાળામાં ભણવા માટે મોકલી દેવામાં આવ્યા હતા. આ શાળામાં અમે ગાંધીનાં મૂલ્યો, વિચારો, નીતિમત્તા અને સારતત્ત્વને સમજ્યા. સ્વાતંત્ર્ય આંદોલનની છાપ હજી સમાજમાં જીવિત હતી. નિવાસી શાળામાં ઊછરતાં અમે શિસ્ત, સર્જકતા, નીતિમત્તા, વિરોધી વિચારો પ્રત્યે આદરભાવ, પ્રેમભાવ તથા જૂથકાર્યના મૂળગત પાઠો શીખ્યા. કૉલેજમાં વિજ્ઞાન શીખતાં શીખતાં શાળામાં મળેલી આ કેળવણીનું દૃઢીકરણ થયું.

આપણા આદ્યસ્થાપકોના ભારત સંબંધી જે વિચારો હતા તે અમારે મન ભારે મૂલ્યવાન હતા. તેનાં મૂળ સૌના સમાવેશ, પ્રત્યેક પ્રત્યે બિનશરતી પ્રેમભાવ, સૌ પ્રત્યે આદરભાવ, લઘુમતીઓ માટેની નિસ્બત, ગ્રામવિકાસ, સાદગી, ત્યાગ, અન્યોની સેવા જેવી પાયાગત બાબતોમાં પડેલાં હતાં. જો કે પૅન્ટ અને શર્ટમાં અમે અલગ દેખાતાં, છતાં મનથી પૂરા ગાંધીમય હતા. હું માનું છું કે આ તમામ બાબતોએ આજે અમે જે છીએ તેવા અમને ઘડ્યા. ગાંધીચીંધ્યા માર્ગે, અમારા પૈકીના કેટલાકે પોતપોતાના અલ્પ પ્રયાસોથી ૧૯૪૭ બાદ, જે સફર ખેડી તે આઝાદીને લગતી હતી — બ્રિટિશ શાસનથી આઝાદી, ગરીબીથી આઝાદી, પૂર્વગ્રહોથી આઝાદી, અન્ય અનેક દૂષણોથી આઝાદી. આ સફર આજે પણ ચાલુ છે. બ્રિટિશ શાસનથી આજે આપણે કદાચ આઝાદ છીએ, પરંતુ મોટા ભાગની પ્રજા સારુ સંપૂર્ણ આઝાદી મેળવવાની હજી બાકી છે. આ સંસ્થામાં તૈયાર થઈને બહાર પડેલા અનેક વિદ્યાર્થીઓને મેં જોયા છે. વળી અલગ પરિવેશ ધરાવતાં વિધવિધ લોકોને આ સંસ્થામાં આવતાં જોયાં છે, જે ભારતનું સારતત્ત્વ છે. ભારતનું સારતત્ત્વ તેની વિવિધતામાં રહેલું છે.

ગાંધી ખૂબ સાદું જીવન જીવ્યા હતા. સત્ય, વિશ્વાસ, સાદગી અને સમાવેશનથી વણાયેલું તેમનું જીવન જ તેમનો સંદેશ હતો. મને લાગે છે કે રોજબરોજના આપણા જીવનમાં અનેક રીતે આજે ગાંધીને દુર્ભાગ્યે આપણે ભુલાવી દીધા છે. હું દૃઢપણે માનું છું કે ભારત અને વિશ્વ આજે બે રસ્તાની ચોકડીમધ્યે (ચતુર્ભેટે) આવીને ઊભાં છે.

ભારત બે રસ્તાની ચોકડીમધ્યે (ચતુર્ભેટે) ઊભું છે, કારણ કે અહીં હજુ ભારે વિષમતા અને અસમાનતા છે. વાસ્તવમાં વિશ્વ અને ભારત બંને વિષમતા, લોકશાહી અને વિકાસ સંબંધી ત્રણ પાયાગત પડકારોનો સામનો કરી રહ્યાં છે. લોકશાહીનું હરણ થવાને કારણે આપણે વિશાળ પાયે લોકોને હજુ વિકાસનાં ફળો વહેંચી શક્યા નથી. તેથી આપણી આઝાદી હજી અપૂર્ણ છે. આજે સંસ્થાઓ હસ્તગત કરી લેવાય છે તથા લોકો — કેટલેક અંશે ભારત અને અમેરિકામાં — દીર્ઘકાલીન દર્શનથી આજે વિમાસણમાં છે. લોકો લોહિયાળ કિન્નાખોરી, વ્યક્તિગત પ્રહારો, જૂઠાણાં તથા ખોટાં વચનોમાં ભેરવાયેલાં છે. સંચાર માધ્યમોનો સંદેશ વ્યક્તિના જીવનની આધારભૂત હકીકતોને સ્થાને વ્યક્તિ દ્વારા પ્રસ્તુત કરાતી સ્વયંની આકર્ષક છબી પર આધારિત હોય છે. વ્યક્તિ બોલે છે તેનાથી અલગ જ રીતે જીવે છે. વળી વ્યક્તિ જે બોલે છે તે માનતી હોતી નથી અને જે માને છે તે બોલતી હોતી નથી ! આવી બેવડી વર્તણૂકોના પ્રજાજનો અને સંસ્થાઓ ઉપર સરવાળે ગંભીર સૂચિતાર્થો જોવા મળે છે. જ્યારે સંસ્થાઓને અંકુશ હેઠળ લાવવામાં આવે છે ત્યારે લોકો માટે અલ્પ માત્રામાં સ્વાતંત્ર્ય બચે છે.

ગઈ કાલે હું ગુજરાતની પચીસેક જેટલી સ્વયંસેવી સંસ્થાઓના મિત્રોને મળ્યો, જેમને હું છેલ્લાં ૩૦-૪૦ વર્ષોથી ઓળખું છું, અને તેમની સાથે મેં બે કલાક સંવાદ કર્યો. મેં તેઓને તેમના પડકારો અંગે પૂછ્યું. આદિવાસીઓમાં કાર્ય કરતા એક કાર્યકરે મને કોર્ટ કૅસ અંગે વાત કરી, તો અન્યે ટૂંકી થતી જતી આર્થિક સહાય અંગે કે પછી સરકારની કરડી નજર અંગે વાત કરી. મારે તમને ખાસ કહેવું જોઈએ કે હું વાસ્તવિક હકીકતોથી અપરિચિત છું, છતાં તેઓને સાંભળતાં એક વાત મને એ સમજાઈ કે તેઓ ભયભીત હતા. [હા,] તેઓ ભયભીત હતા, કારણ કે તેઓ માનતા હતા કે તેમના પ્રદાનને કારણે જ મુખ્યત્વે તેમની ઉપર હુમલાઓ થતા હતા તથા તેમની સંસ્થાઓ ઉપર નજર રખાતી હતી, જે બાબત આ દેશને સ્વીકાર્ય હોઈ શકે નહીં. આપણામાંના દરેકે આ અંગે લડત આપવી જોઈએ અને સૌનો સમાવેશ કરતા ભારત, પોતાના ગરીબ સંતાનોની ચિંતા કરતા ભારત તથા બહુસંખ્યક વંચિતોને તકો આપતા ભારતની ગાંધીજીની કલ્પનાને દેશના તમામ નાગરિકો સારુ સાકાર કરવી જોઈએ.

મારું પ્રશિક્ષણ ટેલિકૉમ અને ઇન્ફોર્મેશન ટૅક્નૉલોજીના ક્ષેત્રે થયું છે અને આ ક્ષેત્રમાં જ હું છેલ્લાં બાવન વર્ષોથી કાર્યરત છું. હું માનું છું કે આજે વિશ્વમાં જે કંઈ પરિવર્તનો આવ્યાં છે તે જોઈને ગાંધીજી અતિ પ્રસન્ન થયા હોત. સાથે સાથે લોકો બાબતે તેઓ એટલા જ સંતપ્ત હોત ! માનવજાતના ઇતિહાસમાં પ્રથમ વાર વિશ્વસમસ્તના આપણે આઠ અબજ લોકો પરસ્પર જોડાયેલા છીએ. ભારત આજે ૧.૨ અબજ ફોન ધરાવે છે. સ્વ. રાજીવ ગાંધી સાથે જ્યારે મેં મારી ટેલિકૉમની કામગીરી આરંભી, ત્યારે ભારતમાં માત્ર ૨૦ લાખ ફોન હતા ! આજે આપણું રાષ્ટ્ર એવું રાષ્ટ્ર છે કે જ્યાં કરોડો લોકો પરસ્પર જોડાયેલા છે. આપણે આ જોડાણનો ઉપયોગ કેવી રીતે કરીએ છીએ ? શું આપણે આ જોડાણનો ઉપયોગ વ્યર્થ વાતચીત સારુ કે જૂઠાણાં ફેલાવવા સારુ કરીએ છીએ ? કે પછી આ માધ્યમને આપણે ગાંધીવિચારના પ્રચાર-પ્રસાર સારુ પ્રયોજીએ છીએ ? આપણામાંનો દરેક આજની પરિસ્થિતિ માટે જવાબદાર છે. સંચાર માધ્યમોનો

દુરુપયોગ કરનારાઓનો આપણે વાંક ન કાઢીએ. સંચાર માધ્યમોને અસરકારક રીતે પ્રયોજી ન શકવા બદલ આપણે આપણો વાંક જોવો રહ્યો.

ખુલ્લાપણું, ઉપલબ્ધતા, પારસ્પરિક જોડાણ, જોડાણોની જાળગૂંથણી, લોકશાહીકરણ તથા વિકેન્દ્રિતતા દ્વારા ઈન્ફોર્મેશન ટૅક્નૉલોજી સમાજમાં આમૂલ પરિવર્તનની શક્યતાઓ ઊભી કરે છે. ગાંધીજીએ આ બધાનો વિચાર કર્યો હતો. હું દઢપણે માનું છું કે ગાંધીજીની રામરાજ્યની કલ્પના સાકાર ન થવાનું એક કારણ તે સમયની ઈન્ફોર્મેશન ટૅક્નૉલોજીની અનુપલબ્ધતા હતી. આજે આપણી પાસે આ ટૅક્નૉલોજી ઉપલબ્ધ છે.

ગાંધીજી અદ્ભુત વ્યક્તિ હતા, કારણ કે રેડિયો, ટેલિવિઝન, ટ્વિટર, ફેસબુક, વૉટસએપ જેવાં કોઈ પણ સંચાર માધ્યમની અનુપસ્થિતિમાં, મીઠાની એક ચપટી દ્વારા તેઓ લાખો લોકોને પ્રભાવિત કરી શક્યા હતા. પોતાના ચારિત્ર્યશીલ અને નીતિમય જીવન થકી તેઓ લોકો સાથે ચમત્કારિક રીતે સંપ્રેષણ કરી શકતા હતા. આજના નેતાઓને આ બધાં આધુનિક માધ્યમોની જરૂર પડે છે, કારણ કે મોટા ભાગનાનું નીતિમત્તાનું પોત પાતળું છે. લોકો જાણે છે કે તેઓ જે બોલે છે તે કરતા નથી. આજના અતિ ઝડપી સંપ્રેષણના યુગમાં આપણે ખરે જ લોકશાહી અને વ્યક્તિસ્વાતંત્ર્યની પુન:સ્થાપના માટે ચળવળ શરૂ કરવાની જરૂર છે. બીજાંઓ કહે છે તે નહીં, બલ્કે આપણને જે યોગ્ય લાગે છે તે કરવાની આપણને અનુકૂળતા હોવી જોઈએ. લોકોને બોલતાં કરી, તેમનો અવાજ વધુ ઊંચો થાય તેવા પ્રયાસો કરવાની આજે જરૂર છે. પરંતુ લોકો આમ કરતા ડરતાં હોય છે. ગઈ કાલે મેં પેલી સ્વયંસેવી સંસ્થાઓના કાર્યકરોને નિર્ભીકપણે બોલવા જણાવ્યું, પરંતુ કેસ થવાની અને ઉત્પીડનની બીકે તેઓ સત્ય રજૂ કરવા તૈયાર જ ન થયા. મેં તેઓને પૂછ્યું કે, તેઓને કોની અને કેમ બીક લાગે છે ? પરંતુ તેઓએ મને જણાવ્યું કે, મને અહીંની પરિસ્થિતિની કોઈ સમજ કે અંદાજ જ નથી. મેં તેઓને કહ્યું કે, ભય સાથે લોકસેવા કરવી શક્ય જ નથી. તેથી ભયગ્રસ્ત સ્થિતિમાં મેં તેમને ગાંધીને યાદ કરવા, ગાંધીનું આપણે મન શું મૂલ્ય છે તે વિચારવા તથા વિશ્વ ગાંધીને કઈ દૃષ્ટિથી જુએ છે તે સમજવા જણાવ્યું. તેથી જ મને લાગે છે કે આજના સમયમાં વિશ્વને નવેસરથી ગોઠવવાની તાતી જરૂર છે.

મારે તમારી સાથે મારા વિચારો ચર્ચવા છે, જેના અંગે મેં ગઈ કાલની રાત્રિભોજન પૂર્વેની બેઠકમાં ટૂંકમાં વાત કરી હતી. મને દઢપણે એવું લાગે છે કે ૧૯૪૦ના દશકના ગાંધીજીના વિશ્વસંબંધી વિચારો તેમના જલદી ચાલ્યા જવાથી લોકો સુધી ખાસ પહોંચી શક્યા નથી. મને લાગે છે કે તેઓ જો વધુ દસ વર્ષ જીવ્યા હોત તો તેમના સઘળા વિચારો વૈશ્વિક વિચારણામાં ઊંડાં મૂળિયાં નાખી શક્યા હોત. ગાંધી જ્યારે પોતાના વિચારોને આખરી ઓપ આપી રહ્યા હતા, ત્યારે ત્યાં ઉપસ્થિત મુઠ્ઠીભર લોકો સુધી જ તેમના વિચારો સીમિત રહ્યા, જે આપણું મોટું દુર્ભાગ્ય હતું. ૧૯૪૪માં અમેરિકાના યુનાઈટેડ નેશન્સ, વર્લ્ડ બૅન્ક, IMF, NATO, WTO, GDP, GNP, પર કેપિટા ઈન્કમ, બૅલેન્સ ઑફ પેમેન્ટ, પે ડેફિસિટ જેવા વિચારો દ્વારા વિશ્વ આકાર લઈ રહ્યું હતું. તે સમયે વિશ્વ દ્વિતીય વિશ્વયુદ્ધમાંથી માંડ છૂટ્યું હતું અને કોઈનામાં અમેરિકા દ્વારા વિશ્વને અપાઈ રહેલા ઘાટને પડકારવાની શક્તિ ન હતી. વળી અન્ય કોઈએ વૈકલ્પિક રૂપરેખા રજૂ કરી ન હતી. તેથી અમેરિકાએ રજૂ કરેલી રૂપરેખા જ વૈશ્વિક મૉડલ બની ગઈ. આ મૉડલ ખરેખર તો અમેરિકાના લોકશાહી, માનવ અધિકારો, મૂડીવાદ, વપરાશ અને યુદ્ધને લગતા વૈચારિક નકશા ઉપર આધારિત હતું. પછી વિશ્વ દ્વિ-ધ્રુવીય વિશ્વસત્તાઓમાં વહેંચાઈ ગયું : અમેરિકા અને સોવિયેટ યુનિયન. હવે વિશ્વ સમક્ષ બે જ વિકલ્પ હતા – આ નહીં, તો પેલા જૂથમાં સામેલ થાવ. આ સિવાય અન્ય કોઈ વિકલ્પ સૂઝતો ન હતો, તેવા સમયે નેહરુએ બિનજોડાણવાદી ચળવળનો વિચાર આપ્યો. આ વિચારધારામાં માનનારાઓ તેનું મહત્ત્વ બરાબર સમજતા હતા, પરંતુ તેઓ લઘુમતી હતા. આપણા તત્કાલીન નેતાઓ મહાન વિચારકો હતા, તેઓ આજના નેતાઓ જેવા ન હતા. તમે તેમનાં લખાણો જુઓ. તેઓએ લખ્યું છે, વાંચ્યું છે, વાતો કરી છે, અને સમસ્યાઓ ઉકેલી છે; તેઓ ઉચ્ચ કોટિના બુદ્ધિજીવીઓ હતા. તેઓની તુલનામાં આજના નેતાઓ તો વામણા જણાય છે. તેઓની પાસે પોતાનો કોઈ વિચાર નથી અને જો છે તો તે અત્યંત સંકુચિત અને સ્વકેન્દ્રિત છે. સ્વાતંત્ર્ય આંદોલનકાળના આપણા નેતાઓએ ક્યારેય પોતાનો વિચાર કર્યો ન હતો. તેઓએ ફક્ત અન્યોનો જ વિચાર કર્યો અને એ રીતે તેઓએ લોકશક્તિ ઊભી કરી. આમ, વર્તમાન વિશ્વને નિહાળતાં અમેરિકાએ ૧૯૪૦ના દશકમાં વિકસાવેલું વિશ્વ તાદશ્ય થાય છે. આજે પણ અમેરિકાનું મૉડલ અગાઉ જે હતું તે જ રહ્યું છે, પરંતુ વિશ્વ તદ્દન બદલાઈ ગયું છે.

અમેરિકા દ્વારા આકાર પામેલા એ મૉડલને પહેલો ફટકો ગાંધીપ્રણિત સ્વાતંત્ર્ય ચળવળો થકી પડ્યો. આ ચળવળોએ વિસાંસ્થાનીકરણની પ્રક્રિયાનો પ્રારંભ કર્યો અને જોતજોતાંમાં ૨૦ વર્ષમાં તો સમગ્ર વિશ્વ સંસ્થાનવાદની ચુંગાલમાંથી છૂટી ગયું ! કોઈએ ક્યારેય વિચાર્યું ન હતું કે આટલા ટૂંકા સમયગાળામાં વિશ્વ સંસ્થાનવાદથી મુક્તિ પામશે અને લાખો ગરીબો પોતાની આકાંક્ષાઓને વધુ ઊંચાઈએ લઈ જઈ શકશે. અગાઉ મેં કહ્યું તેમ, દુર્ભાગ્યે ગાંધીજીએ આપણી વચ્ચેથી ઘણી વહેલી વિદાય લીધી. ફક્ત ૧૦ વર્ષમાં જ તેઓએ સમગ્ર માનવતાના પાયારૂપ પોતાના વિચારો અને સિદ્ધાંતો થકી ભારતને જ નહીં, બલ્કે વિશ્વસમસ્તને પ્રભાવિત કર્યું હોત. આજે ૨૧મી સદીમાં પણ ગાંધીજી અત્યંત પ્રસ્તુત છે. ગાંધીપ્રણિત વિસાંસ્થાનીકરણ બાદ, ચીનના દેંગ ઝિઓપિંગ થકી સામ્યવાદ અને મૂડીવાદના સમન્વયનો પ્રયોગ શરૂ થયો અને તેમાં તેઓ સફળ થયા. વિશ્વનો વૃદ્ધિદર ૧૦ ટકા થયો. તે પછી ગોર્બાચોવ આવ્યા, જેઓ સોવિયેટ યુનિયનના અર્થતંત્રને યથાવત્ રાખી ફક્ત રાજતંત્રને બદલીને તદ્દન વિરુદ્ધ દિશામાં ડગ ભરવા માગતા હતા. પરંતુ ગોર્બાચોવ તેમના પ્રયાસોમાં નિષ્ફળ નીવડ્યા અને સોવિયેટ યુનિયનનું નાના નાના લોકશાહી દેશોમાં વિઘટન થયું. પરિણામે વિશ્વ વિચારતું થયું કે હવે અમેરિકા જ વિશ્વની એકમાત્ર મહાસત્તા છે અને દરેક દેશ તેનું અનુસરણ કરશે. પરંતુ અમેરિકામાં થયેલા ૯/૧૧ના હુમલાએ તમામ ગણતરીઓને ઊંધી વાળી દીધી.

ટ્રાન્ઝિસ્ટરના આવિર્ભાવ બાદ, અમેરિકા અને વિશ્વમાં એક નવી ક્રાંતિની શરૂઆત થઈ. માહિતી અને જ્ઞાનના લોકશાહીકરણનો પ્રારંભ થયો. માહિતી અને જ્ઞાન હવે દરેકને માટે સુલભ બન્યાં. જેને પરિણામે લોકો પોતાને સશક્ત બનેલા અનુભવવા લાગ્યા અને આપણને તુનિશિયા, ઈજિપ્ત જેવા દેશોમાં ક્રાંતિ જોવા મળી. મોટા ભાગની ક્રાંતિઓનાં મૂળ આધુનિક ટૅક્નૉલોજીમાં રહેલાં છે. છતાં તેઓ તમામ જરૂરી બાબતો કરી શક્યા નથી. છેલ્લાં ૭૦ વર્ષોમાં અમેરિકાએ લોકશાહી, સ્વાતંત્ર્ય તથા માનવ અધિકારોને અગ્રિમ સ્થાન આપીને અને તમામ મહત્ત્વપૂર્ણ ટૅક્નૉલોજી પ્રદાન કરીને આ વિશ્વમાં પોતાનો સિંહફાળો નોંધાવ્યો છે. અન્ય કોઈએ પણ કોઈ મહત્ત્વપૂર્ણ શોધ કરી નથી. અમેરિકાએ લોકોનું સશક્તિકરણ કર્યું છે. ટ્રાન્ઝિસ્ટરની શોધ અમેરિકામાં થઈ હતી, ઇન્ટરનેટ પણ મૂળભૂત રીતે અમેરિકામાં શોધાયું હતું, લેસર, બાયો ટૅક્નૉલોજી, નેનો ટૅક્નૉલોજી, ડી.એન.એ., વિજ્ઞાનના તમામ પાયાગત આવિર્ભાવોનાં મૂળ અમેરિકામાં પડેલાં છે. પરંતુ અમેરિકાએ વિકસાવેલું વિશ્વનું મૉડલ મુઠ્ઠીભર લોકો માટે જ હિતકારી છે.

અમેરિકાના મૉડલ દ્વારા સંપત્તિનું એકત્રીકરણ થયું છે. વિશ્વના મુઠ્ઠીભર લોકો ઘણી વિશાળ સંપત્તિનું નિયંત્રણ કરે છે. વળી સંપત્તિને કારણે આ થોડા લોકો ઘણા મોટા સમુદાય ઉપર સત્તા ભોગવે છે. ગાંધીનો આ વિચાર ન હતો. વિશ્વ નિશ્ચિતપણે અસમાન છે, વિશ્વ આતંકથી ભરેલું છે, વિશ્વમાં સંઘર્ષો છે, વિશ્વ લોલુપ લોકોના જયકાર માટે ઉત્સુક છે. આપણે ધનની પૂજા કરીએ છીએ, આપણી પાસે ઘણી વિષમતાઓ છે, દંભ છે, લોકો એકબીજાથી અળગાં થયેલાં છે. આપણે જે વિશ્વ બનાવ્યું છે તે મોટા ભાગના લોકોને સ્વીકાર્ય નથી. કેટલાક લોકો ઘણી સારી સ્થિતિમાં છે, કારણ કે આપણે પિરામિડના ઉપરના લોકો માટે જ બધું કરીએ છીએ. એક ઇજનેર તરીકે હું છેલ્લાં ૪૦ વર્ષોથી કહેતો આવ્યો છું કે આપણું ઉત્તમ બુદ્ધિધન ધનાઢ્યોના પ્રશ્નો હલ કરવામાં જ પ્રવૃત્ત છે, જેઓને હલ કરવા માટે ખરેખર કોઈ પ્રશ્નો જ હોતા નથી. પરિણામે ગરીબોના પ્રશ્નોને હલ કરવા યોગ્ય બુદ્ધિધન મળી શકતું નથી. ભારત પાસે ગરીબોના પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે યોગ્ય બુદ્ધિધન છે, પરંતુ આપણે ગરીબોના પ્રશ્નોનાં નિરાકરણ તરફ લક્ષ્ય જ આપ્યું નથી.

રાજીવ ગાંધીના સમય દરમિયાન અમે ટેલીકૉમના વિસ્તરણ, રોગપ્રતિકારકતામાં સુધાર તથા પોલિયોનિવારણના પ્રયત્નો દ્વારા કેટલુંક કરવાના પ્રયાસો કરેલા છે. તે સમયે જે બધાં બીજ વાવ્યાં હતાં તેનાં ફળ દેખાવવાની હવે શરૂઆત થઈ છે. લોકો જ્યારે કહે છે કે પહેલાં કંઈ થયું જ નથી, ત્યારે હું વ્યગ્ર બની જાઉં છું. આપણે ઘણું કરી શક્યા છીએ, કારણ કે નવી સંસ્થાઓ જેવી કે આઈ.આઈ.ટી. સંસ્થાઓ, આઈ.આઈ.એમ. સંસ્થાઓ, સ્પેસ રિસર્ચ અને એટોમિક એનર્જી સંસ્થાઓ, આઈ.સી.એ.આર.ની સ્થાપના દ્વારા યોગ્ય બી વાવવામાં આવ્યાં હતાં. આપણા આદ્યસ્થાપકો પાસે યોગ્ય વિચારો હતા. તેઓ સંસ્થાઓ ઊભી કરવા ઇચ્છતા હતા. તેઓ એ પણ જાણતા હતા કે તે સંસ્થાઓ ઊભી થવામાં ૫૦ વર્ષ નીકળી જશે. સંસ્થાઓ માત્ર વચનોથી ઊભી થઈ શકતી નથી. તેને માટે તો સખત પરિશ્રમ, માવજત, બીની વાવણી, માણસોનું પ્રશિક્ષણ, નીતિનિયમોનું પાલન તથા પ્રક્રિયાઓનું પ્રસ્થાપન જરૂરી છે અને તે સરળ પ્રવાસ નથી.

હવે જ્યારે આપણી પાસે મોટી સંખ્યામાં સંસ્થાઓ છે ત્યારે આપણે આગળના બીજા તબક્કાનો વિચાર કરી શકીએ તેમ છે.

જ્યારે હું વિશ્વ તરફ દૃષ્ટિ કરું છું ત્યારે મોટી સંખ્યાના લોકો માટે ચિંતાતુર થઈ જાઉં છું. હું ઘણો પ્રવાસ કરું છું. મેં ૭૦થી ૮૦ દેશોની મુલાકાત લીધી છે અને આફ્રિકા, લેટિન અમેરિકા, ભારતનાં ગામડાંઓ તથા ચીન સુધ્ધાંમાં મેં ગરીબી જોઈ છે. મને લાગે છે કે ગરીબીનો પ્રશ્ન આપણે હલ કરવો જ રહ્યો. આપણે માનવ-ઇતિહાસના શ્રેષ્ઠ કાળમાં જીવી રહ્યા છીએ. આપણે ટૅક્નૉલોજી અને અધિશેષના સમયમાં જીવી રહ્યા છીએ. અછતવાળા અર્થતંત્રની આપણે વિચારણા કરવાની નથી. આપણે દરેક વસ્તુનું ઉત્પાદન કરવા સમર્થ છીએ. પણ ચાવીરૂપ પ્રશ્નો એ છે કે આપણે શેનું ઉત્પાદન કરવા માંગીએ છીએ, આપણે કોના માટે ઉત્પાદન કરવા માંગીએ છીએ અને તેને માટે કઈ કિંમત ચુકવવા માંગીએ છીએ. આપણે જો ગરીબો માટે ઉત્પાદન કરવા માગતા હોઈએ તો તે ગરીબોને પરવડે તેવું, વેચાણક્ષમ અને સંપોષિત હોવું જોઈએ. આમ આપણી લોકશાહીને પુનઃ પ્રાપ્ત કરવા, સ્વાતંત્ર્યને ફરીથી મેળવવા આપણે ગાંધીમાર્ગનો ફરીથી વિચાર કરવો પડશે. આપણે સમાવેશન ઉપર લક્ષ્ય કેન્દ્રિત કરવું પડશે, આપણે સત્ય, વિશ્વાસ અને અહિંસાને ઉત્તેજન આપવું પડશે તથા આપણે ચારિત્ર્યવાન અને નીતિવાન લોકોને ઓળખવા પડશે.

ગાંધી ફક્ત ભારતના જ નહીં, વિશ્વસમસ્તના છે. વળી ગાંધી ભારતનું પ્રતીક માત્ર નથી, બલ્કે સમગ્ર માનવજાતની વિરાસત છે. ગાંધીમાર્ગે ચાલવું સૌને માટે શક્ય છે. હું તમને એક-બે સાદાં ઉદાહરણો આપીશ. પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંગના કાર્યકાળમાં અમે ઇન્ડિયા ઇનોવેશન કાઉન્સિલની સ્થાપના કરી ત્યારથી હું કહેતો આવ્યો છું કે ધનિકો માટે સંશોધન કરવાનું નથી. આપણે ગરીબો માટે સંશોધનો કરવાનાં છે અને દરેકે પૂછ્યું તેનો અર્થ શું થાય ? તેથી અમે મુરાદાબાદમાં પિત્તળની વસ્તુઓ બનાવતાં બે ઔદ્યોગિક એકમોમાં ગયા, જ્યાં પાંચસો-હજાર લોકો કામ કરતા હતા. અમે અગરતલાના વાંસઉદ્યોગમાં ગયા, જ્યાં ત્રણસો-હજાર લોકો કામ કરતા હતા. અમે દક્ષિણમાં ગયા અને કેરળના ફર્નિચર ઉદ્યોગને નિહાળ્યો. અમે ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ પણ જોયો. આ તમામ ઉદ્યોગો નાના નાના સાહસિકો દ્વારા ચલાવવામાં આવે છે. અમારો ચાવીરૂપ સવાલ એ હતો કે આધુનિક ટૅક્નૉલોજી દ્વારા અમે તેઓને માટે શું કરી શકીએ ? તેથી મુરાદાબાદમાં અમે એક ભઠ્ઠીની ડિઝાઇન તૈયાર કરી. અનામિકભાઈ જેવા રસાયણવિદોની મદદથી અમે પિત્તળની વસ્તુઓને પૉલિશ કરી શકાય તેવું એક પ્રવાહી તૈયાર કર્યું. અમે વાંસની મજબૂતાઈ વધારવા ટિસ્યૂ-કલ્ચર પૂરું પાડ્યું. અમે ઘણી બધી રસપ્રદ વસ્તુઓ તૈયાર કરી જે તેઓ તેમની જાતે કરી શક્યા ન હોત. આપણે ભેગા થઈને એવાં સાધનો અને ટૅક્નૉલોજી વિકસાવી શકીએ જેનાથી તેમની ઉત્પાદનક્ષમતા વધે અને પરિણામે તેમની આવક વધે.

પિરામિડના પાયા માટે પ્રારંભમાં બજાર ઉપયોગી નથી હોતું. પ્રારંભમાં તો પિરામિડના પાયાની આવકમાં વૃદ્ધિ જરૂરી હોય છે. જેથી તેઓનું જીવનધોરણ સુધરી શકે. ટૅક્નૉલોજી અને સંશોધન દ્વારા ઘણું કરી શકાય તેમ છે. મને મોટી આશા છે કે ટૅક્નૉલોજી થકી ખેતી અને ખોરાકને સુધારી શકાશે, તેને સસ્તાં અને વધુ સારાં બનાવી શકાશે તથા શિક્ષણ, સ્વાસ્થ્ય, સંપ્રેષણ, પરિવહન તેમ જ આંતરમાળખાંને સર્વસુલભ બનાવી શકાશે. ઇન્ટરનેટને કારણે બધું જ બદલાઈ રહ્યું છે, ત્યારે આપણે એ તપાસવાનું છે કે તેના ઉપયોગ થકી આપણે ગાંધીને કેવી રીતે વિશ્વ સમક્ષ મૂકી શકીએ. અહીં ગાંધીને લોકપ્રિય બનાવવાની વાત નથી, પરંતુ ગાંધીનાં મૂલ્યો, ગાંધીની જીવનશૈલી અને ગાંધીના વિચારોની સમજ આપી તેનાથી થતા લાભોથી સૌને પરિચિત કરાવવાની વાત છે.

વ્યાવસાયિક જીવને મને શીખવ્યું છે કે જો તમે ગાંધીવાદી હોવ તો તમને કોઈ દબાણ રહેતું નથી, કોઈ તણાવ રહેતો નથી, તમારે કોઈ દુશ્મનો કે હૃદયના ઘાવ હોતા નથી. હું મારા વ્યક્તિગત અનુભવોને આધારે કહી શકું છું કે તમારા જીવનમાં ઝઘડા કે સ્પર્ધકો પણ નહીં હોય. વળી જો તમે ગાંધીવાદી હશો તો વસ્તુઓને અલગ દૃષ્ટિથી નિહાળશો. માસ્ટર ઑફ બિઝનેશ એડમિનિસ્ટ્રેશનના અભ્યાસક્રમમાં શીખવાતા સ્પર્ધા અને આક્રમકતાના પાઠોનો અહીં પછી કોઈ અર્થ રહેતો નથી. ગાંધીનો નેતૃત્વ વિષયક વિચાર લોકોને પરસ્પર જોડે છે અને તેમને સશક્ત બનાવી, ધમકી અને ડરને સ્થાને પ્રેમ અને કરુણા થકી કાર્ય કરવા પ્રેરે છે. આ તમામ બાબતો રાષ્ટ્રનિર્માણના કાર્યમાં પણ એટલી જ આવશ્યક છે. હું યુવાશક્તિને કારણે આશાવાદી છું. હું માનું છું કે ભારતની યુવાશક્તિમાં વિશ્વને બદલવાની ક્ષમતા છે. ઇન્ફર્મેશન

ટૅક્નૉલોજી, બાયો ટૅક્નૉલોજી, નૅનો ટૅક્નૉલોજી, મટિરિયલ સાયન્સ, ટિસ્યૂ-કલ્ચર અને સ્ટેમ સેલ રિસર્ચ જેવાં અનેક ક્ષેત્રોમાં ટૅક્નૉલોજી આજે ઘણી ચડિયાતી સિદ્ધ થઈ રહી છે તેવું મારું માનવું છે. આ સઘળું જીવનનું સ્તર ઊંચું લાવવા, કિંમતો ઘટાડવા, પહોંચ વધારવા અને એમ કરીને મનુષ્યમાત્રની સમૃદ્ધિ વધારવા માટે ઉપયોગી છે. આવું ત્યારે જ શક્ય બનશે જ્યારે જ્ઞાન સર્વસુલભ બનશે, જ્યારે અન્યને આદર આપવાનું લોકોને શીખવવામાં આવશે અને જ્યારે મનમાં જનસેવાની ભાવના રાખીને કાર્ય કરવામાં આવશે.

હું આશા રાખું છું કે ઉપસ્થિત દીક્ષાર્થીઓ પૈકીના થોડા તો જરૂર વિચારશે કે પોતાનું જીવન તેઓ કેવી રીતે વ્યતિત કરવા માગે છે, આગળ જતાં તેઓ કઈ બાબતને કેવી રીતે પ્રોત્સાહન આપવા માગે છે. [યાદ રાખજો] તમારું સહિયારું, નહીં કે વ્યક્તિગત, નેતૃત્વ જ મહત્ત્વનું સિદ્ધ થનાર છે. આપણે એવું માનીએ છીએ કે એક વ્યક્તિ દેશને બદલી શકે છે, જે કદાપિ મૂર્તિમંત ન થનારો કેવળ એક વિચાર માત્ર છે. એક પણ વ્યક્તિ આમ કરવા સમર્થ ન હોઈ શકે. ગાંધીના સમયમાં પણ પાંચ, દસ, પંદર નેતાઓ તો હતા જ, જેઓએ સહિયારા નેતૃત્વના રૂપમાં કાર્ય કર્યું. આજે તો દરેક જણ એકની સરખામણી બીજા સાથે કરવા માગે છે, જે નેતૃત્વને સંદર્ભે યોગ્ય નથી. આમ કદાચ કૉર્પોરેટ જગતમાં હોઈ શકે પણ રાષ્ટ્રનિર્માણમાં તેનું ક્યાંય સ્થાન ન હોઈ શકે. રાષ્ટ્રનિર્માણમાં તો સહિયારું નેતૃત્વ જ આવશ્યક છે. મતાંતરસહિષ્ણુતા અને સર્વસમાવેશન દ્વારા જ સાચી લોકશાહી ટકે છે. આ બધા ગાંધીના સંદેશ છે, જેને સમજવાની તાતી જરૂર છે.

હું ભારતની અને સઘળા વિશ્વની ચિંતા કરું છું, કારણ કે હું જાણું છું કે મારી પાસે સમય ઓછો છે અને ઘણું બધું કરવાની હજી જરૂર છે. કદાચ મારા જીવનકાળમાં એ શક્ય ન બને, પણ હું ગાંધીની મશાલ થકી ભારત અને ભારતીયોની જ નહીં, બલ્કે સમગ્ર વિશ્વની કૂચને આગળ ધપતી જોવા ઇચ્છું છું. હું મેક્સિકો, આફ્રિકા અને લેટિન અમેરિકાના અન્ય ભાગોમાં જ્યારે આ વાત કરું છું, તમે માનશો નહીં, લોકો રોમાંચિત થઈ ઊઠે છે. એક વાર મેં મેક્સિકોમાં ગાંધીની વાત કરી હતી. તે પછી જ્યારે હું મેક્સિકો પુનઃ ગયો ત્યારે ૫૦૦ બાળકો પરિસંવાદ ખંડમાં ગાંધીની વાત સાંભળવા ઉપસ્થિત હતા, જે મારા મતે સુખદ આશ્ચર્ય હતું. અગાઉના ઉદ્‌બોધનમાં ગાંધી વિશે થયેલી નાની વાતનો મેક્સિકો શહેરમાં આવડો ઉત્સાહ હતો ! તેઓ ગાંધીવિચાર જાણીને આશ્ચર્યચકિત થયા હતા. આવું કશું તેમણે ક્યારેય સાંભળ્યું ન હતું. કેટલું સરળ અને તોય કેટલું પ્રભાવક ! આપણે ગાંધીવિચારની તાકાતને સમજી જ શક્યા નથી. વિશ્વમાં તેનું કેટલું મોટું મૂલ્ય છે તે પણ આપણે પારખી શક્યા નથી. આપણે ગાંધીને ભૂલી ગયા છીએ. આપણે ગાંધીને ઉચ્ચ પીઠિકા ઉપર માત્ર સ્થાપિત કરી દીધા છે. વર્ષે એકાદ વાર તેની પ્રાર્થના કરીએ છીએ અને પાછા ફરતાં તરત જ વિપરીત કાર્યો કરીએ છીએ. આપણા ઘણા નેતાઓ ગાંધીસ્મૃતિમાં જાય છે. તેમના ફોટાઓ અને વીડિયો હું જોઉં છું. પરંતુ હું જાણું છું કે આ લોકો કોણ છે, ગાંધીને તેઓ કેટલા સમજે છે અને ગાંધીનું તેમને મન કેટલું મૂલ્ય છે !

આજનો આ દિવસ આપણા સૌને માટે હૃદય અને મન થકી ગાંધીને પુનઃ પામવાનો છે. હું ફરી ફરીને તેમ કરવાનો છું અને તમે પણ તેમ કરશો તો દરેક વખતે ગાંધી પાસેથી તમને કંઈક નવું શીખવાનું મળશે. દરેક વખતે તમે આંખો બંધ કરીને ગાંધીવિચારનું ચિંતન કરો. તમે ઉત્તેજના અનુભવશો, વિશ્વનું ચિત્ર તમને મોટું અને વધુ મોટું થતું દેખાશે અને તમને અનેક વધુ તકો દેખાશે, પણ આ સારુ તમારે 'સ્વ'થી દૂર જવું પડશે. પોતાની જાતથી અળગા થઈને, 'સ્વ'થી ઉપર ઊઠીને, અન્ય માટે કાર્ય કરવાની તમારી ક્ષમતામાં જ ખરા ગાંધીનું અસ્તિત્વ છે. આ યાત્રા અત્યંત રોમાંચક છે. તમે બધા નવી યાત્રામાં જોડાવવાના છો. તમે સત્ય, વિશ્વાસ, પ્રેમ, કરુણા, સમાવેશન, પ્રામાણિકતા, નિષ્ઠા અને અન્ય અનેક મૂલ્યોને હંમેશાં તમારી સમક્ષ રાખજો, કારણ કે ગાંધીએ પોતાનાં આગવાં સંપ્રેષણ, વિમર્શ અને જીવન દ્વારા આપણને આવાં અનેક મૂલ્યો શીખવ્યાં છે.

આ તક પૂરી પાડવા બદલ હું ફરી એક વાર આયોજકોનો આભારી છું અને અહીં ઉપસ્થિત રહેવા બદલ ગૌરવની લાગણી અનુભવું છું. અંગ્રેજીમાં ઉદ્‌બોધન રજૂ કરવા બદલ દિલગીર છું. આશા રાખું છું કે તમારામાંથી કેટલાકને તે સમજાયું હશે. હું જોઉં છું કે ગરમી છે અને અનેક પંખા ચાલી રહ્યા છે તેથી તમારો વધુ સમય ન લેતાં તમામ દીક્ષાર્થીઓને ફરી એક વાર શુભેચ્છાઓ પાઠવું છું. આપનો આભાર.

**— સામ પિત્રોડા**